

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ન્યાયમાં પણ કલિયુગના આસાર દેખાય છે,*
*વિકૃત સમાજની છાયાના આચાર દેખાય છે.*
*આવા અત્યાચારી ચૂકાદાઓ પર રડે છે મૂલ્યો -*
*ને સામાજિક શિસ્ત સામે વ્યભિચાર જોખાય છે.*
*(બધા ગુના કાયદેસર કરી નાખો!)*

### હાઈકુ

*અસામાજિક,*
*સ્નેહ સંબંધો બન્યા -*
*કાયદેસર !*

*બદલો ડબ્બા !*
*સંન્ટીંગનું સેટીંગ -*
*'ચાલે' તે ગાડી...*

### ચિંતન

*ચિંતનઃ સમાહિતા યે પ્રવિલાપ્ય બ્રાહ્યં શ્રોતાદિ ચેતઃ સ્વમહં ચિદાત્મનિ ।*
*ત એવ મુક્તા ભવપાશબન્ધૈ ર્નાન્યે તુ પારોક્ષ્યકથાભિધાયિ નઃ ॥*

ઉપરોક્ત શ્લોક કઠોપનિષદમાંથી લેવામાં આવેલ છે.

જે મુમુક્ષુઓ બહારનાં શ્રોત્ર વગેરે ઈન્દ્રિયો, ચિત્ત તથા અહંકારનો ચિદ્રુપ આત્મામાં પ્રવિલય કરીને સમાધિમાં સ્થિર થયા છે, તે જ સંચારપાશના બંધનથી મુક્ત છે, બીજા પરોક્ષ બ્રહ્મની વાતો કરે ઓ છે તે નહિં.

જપ-તપ-નિયમ-યોગ-યજ્ઞ અને અનેક કર્મકાંડ કરનારા યોગી-તપસ્વીઓ જરા પણ 'લપસણી' ક્ષણ આવે ત્યારે લપસી પડે છે, પરંતુ મન અને ઈન્દ્રિયો પર સ્વયંનો કાબુ રાખનાર જ સંસારના બંધનો - આકર્ષણોથી મુક્ત રહી શકે છે.

### સુવિચાર

- ઈચ્છુક મનુષ્યના ચિત્તમાં સત્ અને અસત્‌નો વિવેક રહેતો નથી - **તુલસીદાસ**
- જગત જયારે બુદ્ધિનો પ્રચાર છોડશે અને 'હાર્ટ' પર આવશે, 'હાર્ટીલી' થશે, ત્યારે જ જગત સરળ બનશે - **ડો. નીરુબહેન અમીન**
- મનની ઈચ્છા પ્રમાણે દૂધપાક મળ્યો એટલે મન મરી ગયું, પણ દૂધપાક ખાતાં ખાતાં ફરી આવો દૂધપાક મળે એ તૃષ્ણા ઊભી થાય, એટલે મન ફરી પાછું જીવતું થઈ જાય છે - **આપ્તસૂત્ર**
- મને ને ખુશ રાખવું એ એક વાત છે અને ખરેખર ખુશ હોવું એ બીજી વાત છે- **ગૌતમ બુદ્ધ**
- કોઈનું જીવન લંબાવવાની તારી જો તાકાત નથી તો કોઈનું જીવન ટુંકાવી દેવાનો તમને કયાં અધિકાર છે? - **રત્નસુંદરવિજયજી**
- હજારો શૂન્ય ભેગા કરો, એક જ શૂન્ય રહે, અહંકારશૂન્ય હજારો વ્યક્તિઓને ભેગા કરો, એક જ અભિપ્રાય રહેશે - **ધર્મલોક**
- આજનું ઔષધ : અંકોલના મૂળની છાલનું ચૂર્ણ ચોખાના ઓસામણ સાથે મધમાં લેવાથી ઝાડા મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જૂના જમાનામાં યુરોપમાં પોપ (ખ્રિસ્તી ધર્મના સર્વોચ્ચ વડા) ની આણ પ્રવર્તતી હતી. એ સમયમાં યુરોપના રાજાઓ પણ પોપને સર્વસત્તાધીશ માનતા હતા. યુરોપના શક્તિશાળી દેશોના માંધાતા રાજાઓ પણ પોપની વિરુદ્ધ એક અક્ષર ન બોલી શકતા. રાજાએ કોઈને સજા ફટકારી હોય અને પોપ તેને નિર્દોષ છોડી મૂકવાનો આદેશ કરી શકતા. આવા સંજોગોમાં માર્ટિન લ્યુથર પોપની સામે મેદાને પડ્યા. તેમણે પોપની સત્તા પડકારી. તે પોતે સુધારાવાદી માણસ હતા એટલે લોકોને આ બાબતે જાગૃત કરવા લાગ્યા. પોપથી આ સહન ન થયું. પોપે પહેલાં તો પોતાના માણસો દ્વારા માર્ટિનને સમજાવવાની કોશિશ કરી. પણ માર્નિટ માન્યા નહી. આથી પોપે માર્ટિને પોતાની વિરુદ્ધ કંઈ પણ બોલવાની મનાઈ ફરમાવી. પોપે ફરમાન પત્ર લઈ દતને માર્ટિન પાસે મોકલ્યો. માર્ટિને પોતે મોકલાવેલ પત્ર વાંચ્યો અને બાજુમાં સળગી રહેલી સગડીમાં પત્ર નાખી દૂતને રવાના કર્યો. દૂત પોપને જઈ આ વાત કરી ત્યારે પોપ ઉશ્કેરાઈ ગયા. તેમણે રવિવારની પ્રાર્થનામાં માર્ટિનને રૂબરૂ બોલાવ્યા અને પોતાના સેંકડો સમર્થકોની હાજરીમાં ધમકી આપી કે, જો તમે તમારા વિચારોનો પ્રચાર બંધ નહીં કરો તો તમને દેહાંત દંડની સજા ફટકારીશ. અને ધડથી માથું અલગ કરવાની સજા આપીશ. માર્ટિન લ્યુથરે જવાબમાં કહ્યું, 'મને દુઃખ છે કે મારે એક જ માથું છે, પરંતુ મારે હજાર માથાં હોત તો પણ એ તમામ માથા હું ધર્મ અને સત્ય માટે ગુમાવવા તૈયાર થઈ ગયો હોત.'

# હિંદુત્વને વટાવવાનું રાજકારણ દુર્ભાગ્યપૂર્ણ

**તંત્રીસ્થાનેથી...**

હિંદુ રાષ્ટ્રના નામે શરૂ થયેલું જનસંઘ અને તે પછી એના નવા અવતાર સમી ભારતીય જનતા પાર્ટીના અડવાણી જેવા વરિષ્ઠ નેતાએ યોજેલી રામજન્મભૂમિ રથયાત્રાનું સાંપ્રદાયિક રાજકારણ કોંગ્રેસના ગાંધીવાદી અને નહેરુવાદી ચહેરાને ઝાંખો પાડવામાં સફળ રહ્યું છે. કોંગ્રેસ સામે કયારેક હિંદુ મહાસભાના સંતો ડિપોઝીટ ગુમાવતા હતા. જનસંઘનો દીવો ચૂંટણીનું પરિણામ જાહેર થાય તે પહેલાં હોલવાઈ જતો હતો. આ પરિસ્થિતિને જે ધરમૂળ પલટો આવ્યો એનું કારણ કોંગ્રેસની લઘુમતી વર્ગોના તુષ્ટીકરણની નીતિ હતી. કાળક્રમે કોંગ્રેસની જનમાનસમાં એવી છાપ ઊભી થઈ ગઈ કે આ તો ફક્ત મુસલમાનો, આદિવાસીઓ, દલિતો અને પછાત વર્ગોની જ તરફેણ કરનારી રાજકીય પાર્ટી છે અને સવર્ણ હિંદુ સમાજ કે હિંદુ સંસ્કૃતિ પ્રત્યે તેને ભારોભાર અણગમો છે. પંડિત જવાહરલાલ નહેરુએ સોમનાથના જીણોદ્ધાર મુદ્દે દાખવેલ ઉપેક્ષાવૃત્તિ વિરુદ્ધ સરદાર પટેલે એમાં દાખવેલ જીવંત રસને લીધે સરદાર ચુસ્ત કોંગ્રેસી હોવા છતાં જનસંઘ અને ભાજપ માટે આદર્શ રાજપુરુષ હબકે મહાનાયક બની રહ્યાં. કમનસીબે કોંગ્રેસના નહેરુવંશી વારસદારો એ મુદ્દે ચોખવટ કરવાને બદલે સતત સરદાર પટેલની ઉપેક્ષા કરતા રહ્યા. એથી દેશની પ્રબુદ્ધ પ્રજામાં કોંગ્રેસની એક પરિવારવાદી અને હિંદુ વિરોધી પાર્ટી તરીકેની છાપ દઢીભૂત બની. આ પરિસ્થિતિનો લાભ સૌથી વધુ ગત લોકસભાની ચૂંટણી પ્રસંગે મળ્યો જેમાં હિંદુહૃદય સમ્રાટ તરીકેની ઈમેજ ધરાવતા નરેન્દ્ર મોદીની અંગત 'વિકાસ પુરુષ' તરીકેની છાપ રંગ લાવી. આથી કોંગ્રેસ છેક ૪૪ના આંકડે સંકોચાઈ ગઈ અને અધિકૃત વિપક્ષ માટેની લાયકાત પણ ગુમાવી બેઠે. ડૉ. મનમોહનસિંહ જેવી મૂઠી ઊંચેરી પ્રતિભા કોંગ્રેસના કમઠાણોમાં હાંસિયે ધકેલાઈ ગઈ. કૌભાંડો સામે સરકારનાં આંખમિચામણાં ખુલ્લાં પડી ગયાં. નરેન્દ્ર મોદીને સ્પષ્ટ બહુમતી મળી અને કોંગ્રેસ માટે અસ્તિત્વ ટકાવવાનો પ્રશ્ન ઊભો થયો. આવી વિકટ સ્થિતિનું પૃથ્થકરણ કરવા કોંગ્રેસના એન્ટની જેવા વરિષ્ઠ નેતાઓએ મંથન બેઠકો કરી ત્યારે સમજાયું કે ખરો મુદ્દો તો એ છે કે કોંગ્રેસને પ્રજા હવે મુસલમાનોની પાર્ટી માનવા લાગી છે. આની સામે ડેમેજ કંટ્રોલ એકસરસાઈઝ તરીકે રાહુલ ગાંધી હવે મંદિરો અને તીર્થસ્થાનોના આંટાફેરા મારતા થઈ ગયા છે. ગુજરાત અને કર્ણાટકની ચૂંટણીમાં એમને પ્રસિદ્ધ ધાર્મિક સ્થાનોની મુલાકાત લઈ, પૂજા અર્ચના કરી પોતે જનોઈધારી શિવભક્ત છે એની પ્રતીતિ કરાવવા પ્રયાસ કર્યો છે. એ જ વ્યૂહાત્મક કાર્યક્રમ અન્વયે તેઓ કેદાનનાથ અને કૈલાસ માનસરોવર જઈ આવ્યા છે અને દુર્ગાપૂજા દરમિયાન શક્તિપીઠની મુલાકાત લેવાના છે. હજી બાર જયોતિર્લિંગો પૈકી કેટલાંક બાકી રહ્યાં છે તેની યાત્રા પણ કરશે. અયોધ્યાના રામજન્મભૂમિની લગોલગ ગણાતા ચિત્રકૂટના રામમંદિરનાં દર્શન કરી આવ્યા છે. ભાજપ જેને પોતાનો ઈજારો સમજતું હતું તે હિંદુત્વ ધીરે ધીરે રાહુલ ગાંધીએ સેરવી લેવા માંડ્યું છે. પ્રજા માટે અને લોકશાહી માટે ભાજપ અને કોંગ્રેસ બેઉના આ સાંપ્રદાયિક હથકંડા દુર્ભાગ્યપૂર્ણ જ ગણાશે. લોકશાહીમાં ધર્મના નામે થતું રાજકારણ એ દૂષણ જ ગણાવું જોઈએ, પછી એ અડવાણી કરતા હોય કે રાહુલ. પરંતુ ભારતીય સમાજ હજી ધર્મ-સંપ્રદાય અને નાતજાતના વાડાઓમાંથી બહાર નથી આવી શક્યો એટલે આ દૂષણ જ ભૂષણ બની રહે છે. એનો ગેરલાભ લેનારા નેતાઓ આજે ભલે સત્તાનાં શિખરો પર આરૂઢ થયેલા વરતાય, પરંતુ સમય એમને માફ નહીં જ કરે તે લખી રાખો.

# દૂર દૂર આકાશમાં આશાનો એક તારો ચમકતો હતો



**નવાં કલેવર**
**નટવર હેડાઉ**

સાંજ ઢળતાં મહાત્મા મંદિરથી વિધાનસભા વચ્ચે આવેલ સેન્ટ્રલ વિસ્ટાના બગીચાના વોકિંગ સ્ટ્રીપ પર ધીમે ધીમે ચાલ્યા આવતા બે વયોવૃદ્ધ પુરુષો વૃદ્ધ નીચે મુકેલા સિમેન્ટના બાંકડા પર આવી બેઠા.

મૌસમ, રાજનીતિ, મોંઘવારી અને ઘર-પરિવારની ચર્ચા કરતાં કરતાં આજની પેઢીના શિક્ષણ અને સંસ્કાર અને જીવનશૈલીની વાત સુધી પહોંચી ગયા.

તેમાં એક હતા ઉપાધ્યાય જે પોતાની ઉપાધિ જણાવીને કંઈક હળવા થવાની કોશિષમાં હતા. તેમણે કહ્યું, 'પંડ્યા સાહેબ તમને સાંભળીને નવાઈ લાગશે કે શશાંક એટલે કે મારા નાનો દિકરો ઘરમાં કોના પર ગયો છે એ કહી શકાય તેમ નથી. ખબર જ નથી પડતી કે તે વ્યસ્ત છે કે અસ્તવ્યસ્ત, કયારેક એવું જાણવા મળે છે કે તે મિત્રોની સાથે 'ઢ' ફિલ્મના પહેલા શૉમાં બેઠો છે. સિનેમેક્સમાં, તો કયારેક જાણવા મળે છે કે ટ્યુશનમાંથી મોડો છૂટ્યો છે. કાલે અચાનક ફોન આવ્યો કે તે તેની કોઈ ગર્લફ્રેન્ડની બર્થડે પાર્ટીમાં 'હનીડ્યુ' હોટલમાં ગયો છે. ત્યાં જ જમીને આવશે... હવે તમે જ કહો આનું શું કરવું....?

આ સાંભળીને પંડ્યાજી પહેલાં તો ચૂપ રહ્યા. પાછો દૂર મહાત્મા મંદિરના ચરખા પર નજર ઠેરવતાં. અનાયાસ કહેવા લાગ્યા. 'યાર ઉપાધ્યાય આ તારી ઉપાધિ છે એમાં હું શું કરું ? મને તો કોઈ પૂછ્યું પણ નથી કે અમારો લાડલો પુત્ર આજકાલ શું કરે છે. ભણે છે તો કયાં અને શું ભણે છે ? કયા ધોરણમાં છે. જો કયારે પાછો આવે છે, સુવે છે કે જાગે છે. તેના કપડાં લતા, તેની પસંદ ના પસંદ તે બાબતે તેની મમ્મી પણ ચૂપ થઈ જાય છે. સાચું કહું વરસ થવા આવ્યું છે... મને તો ડર છે કે કદાચ હું તેનો ચહેરા પર ભુલી ન જઉં તો સારું.' પછી પંડ્યાજી ધીમે રહીને ઉપાધ્યાયની નજીક આવ્યા અને જાણે તેમના કાનમાં કહેતા હોય તેમ જરા નમીને ધીમા સ્વરે કહેવા લાગ્યા. 'તમે એવા લોકોને તો જોયા જ હશે જે કાંકરાવાળા રસ્તા પર કે પીગળવા ડામરવાળી સડક પર ખુલ્લા પગે ચાલતા જતા હોય. અને તે સમયે કમ સે કમ તમારા પગમાં ઘસાયેલાં ચંપલ હોય. દોસ્ત તું તો ખુશનબીબ છો કે તારો દીકરો તને કંઈ કહે તો છે. અહીં મારો તો...'

તો પછી બંને એકબીજા સામે થોડીવાર જોઈ રહ્યાં. દૂર દૂર આકાશમાં હવે આશાનો એક તારો ચમકતો હતો.

બંને કંઈક વિચારોમાં ખોવાયેલા હારેલા-થારેલા રાહદારી જેવા બાંકડા પરથી ઊભા થયા અને પગને પોતપોતાના ઘર તરફ ઘસેડવા લાગ્યા.

# વાત ને પડતી મૂકીએ નહિતર સંબંધો પડતા મુકાઈ જશે



**આવો જીવીએ શાનદાર**
**વિનોદ અમલાણી**
vamlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

બે વ્યક્તિ વચ્ચે કોઈપણ મુદ્દા ઉપર વિવાદ થાય, મતભેદ થાય, ચર્ચા થાય, દલીલો થાય, આક્ષેપબજી થાય કે દોષારોપણ થાય ત્યારે મોટાભાગે એવું બને છે કે વિવાદ કે મતભેદનો મુદ્દો ક્ષુલ્લક હોય છે જેનું વિશેષ મહત્વ નથી હોતું અથવા તો એ વિવાદનો મુદ્દો જ નથી હોતો. બંને વ્યક્તિ જો ઈચ્છે તો એ વાતનો ઉકેલ ખૂબ જ ઝડપથી લાવી શકતા હોય છે. આમ છતાં આપણે સૌ ક્યારેક એ મૂળ વાતને વાંકી-ચૂંકી, આડી-અવળી, વાળીચોળીને, મરડીને મોટી કરીને, લાંબી ખેંચીને ગૂંચવાડાભરી બનાવી દેતા હોઈએ છીએ. આપણે એકદમ સાદી-સીધી વાતને એટલી લાંબી કરતાં હોઈએ છીએ કે જેનો ક્યારેય અંત જ ના આવે. આપણે એ સરળ વાતને એટલી ગૂંચવી નાખતા હોઈએ છીએ કે ક્યારેય તેનો છેડો જ ના મળે. આપણે એ વાતને એટલી પકડી રાખતા હોઈએ છીએ કે ક્યારેય એ છૂટે જ નહીં. આવું કરવાથી વાતનો ઉકેલ તો એક બાજુ રહ્યો, ઊલટાની વાત ચોળાઈ જાય છે અને વધારે બગડે છે.

કોઈપણ વ્યક્તિ એક વાતને લઈને વિવાદે ચડ્યા પછી એ વાતને પડતી મૂકતી નથી તેની પાછળના કારણો હોય છે. એક કારણ, વ્યક્તિ એ સાબિત કરવા માંગતી હોય છે કે પોતે જ સાચી છે એટલે પોતે જો વાત પડતી મૂકે તો પોતાની વાત ખોટી સાબિત થાય. બીજું કારણ, વ્યક્તિ પોતાની હાર માનવા તૈયાર નથી હોતી. પોતે એમ માનતી હોય છે કે વાતને પડતી મૂકશે તો પોતે હારી જશે અને સામેની વ્યક્તિની જીત થશે. ત્રીજું કારણ, વ્યક્તિ પોતાના અહંકારને પોષવા માંગતી હોય છે. પોતાની વાત ખોટી હોય તો પણ તે પોતાની વાતમાં અડગ રહીને પોતાના અહંકારને પોષતી હોય છે. વાતને ઝડપથી પૂરી કરવામાં પોતાના અહંકારને ઠેસ પહોંચતી હોય છે. પોતાની વાતને નીચે મૂકવાથી પોતાને નીચા જોવાપણું થતું હોય છે. આ પ્રકારના કારણોસર વિવાદ લંબાતો જાય છે અને બે વ્યક્તિ વચ્ચેનો મતભેદ ક્યારે મનભેદમા પલટાઈ જાય છે તેની બંનેમાંથી કોઈને ખ્યાલ નથી રહેતો.

ક્યારેક એવું પણ બનતું હોય છે કે બે વ્યક્તિ વચ્ચે વાદ-વિવાદ ચાલતો હોય અને એક વ્યક્તિ એ વાતનો કેડો જ ના મૂકતી હોય ત્યારે બીજી વ્યક્તિ થાકીને, હારીને, હાથ જોડીને, માફી માંગીને શરણે થઈ જતી હોય છે. વ્યક્તિ એ અપેક્ષાએ માફી માંગતી હોય છે કે માફી માગવાથી પેલી વ્યક્તિનો પોતાનો અહમ સંતોષાય અને વાતને પડતી મૂકે.

ત્રીજી વ્યક્તિ પણ બે વ્યક્તિના વિવાદમાં ક્યારેક મહત્વનો ભાગ ભજવતી હોય છે. એવું બને કે વાત ઉપર પૂર્ણવિરામ મૂકાવાની તૈયારી હોય બરાબર એ જ સમયે ત્રીજી વ્યક્તિ ટપકી પડે. બંનેની વાત પૂરી થવામાં જ હોય ત્યારે જ જ ત્રીજી વ્યક્તિ બંને વચ્ચે કૂદકો મારે અને વાતનો દોર પોતાના હાથમાં લઈ લે અને એ પોતે વાતને લંબાવે. આવું બને એટલે પેલી વ્યક્તિને ફરી પાછું શૂરાતન ચડે અને જે વાત એકદમ પૂરી થવાની અણી ઉપર આવી ગયેલી હોય એ વાત ફરી પછી બગડી જાય. આવું થયા પછી એ વાત ઉપર પૂર્ણવિરામ મૂકવું મુશ્કેલ બનતું હોય છે.

વાતનું વતેસર થઈ ગયું હોય, વિવાદ લાંબો ચાલ્યો હોય અને પછી એ જ સમયે વિવાદ શમી પણ ગયો હોય. વિવાદની એ ઘટના બની ગયા પછી બંને વ્યક્તિ ફરીવાર જ્યારે મળે ત્યારે વાતને ચોળીને ચીકણું કરવાની ટેવ ધરાવતી વ્યક્તિ ફરી પાછી એ જ વાતને ઉખેળે અને વિવાદ શરૂ કરે. આવું એક કે બે વાર જ નહીં પણ વારંવાર ચાલ્યા કરે એવું પણ બને. એ બંને વ્યકિત જ્યારે જ્યારે મળે ત્યારે પેલી ટેવ ધરાવતી વ્યક્તિ એ વાતનો ઉલ્લેખ કરે અને પછી એ વિવાદ શરૂ થાય. એક ને એક વાતનું વારંવાર અને સતત રટણ કર્યા કરવાથી બીજી વ્યક્તિ કંટાળી જાય, ઉબકે આવી જાય જેનું પરિણામ એ આવે કે પેલી વ્યકિતને મળવાનું જ ટાળવા લાગે, મળવું ફરજિયાત હોય તો તેની સાથે વાત કરવાનું ટાળવા લાગે અને છેવટે એ વ્યક્તિ સાથે સંબંધો રાખવાનું પણ ટાળવા લાગે અને ધીરે ધીરે સંબંધોમાં પૂર્ણવિરામ મુકાઈ જાય.

આપણે જ્યારે કોઈ મિત્ર, સ્નેહીજન, કુટુંબીજન કે આપ્તજન સાથે વિવાદમાં ઊતરીએ અને આપણે વિવાદને ટૂંકો કરતાં ન હોઈએ ત્યારે આપણે માત્ર એટલું જ વિચારીએ કે સામેની વ્યક્તિ ભલે કદાચ ખોટી હોય, પણ આપણે હંમેશા સાચા જ હોઈએ એવું તો ના હોય. કોઈ વ્યક્તિ ક્યારેક ક્ષુલ્લક ભૂલ કરી બેસે તો એ ભૂલને વળગી રહીને આપણાં સંબંધોને તો જોખમમાં ના મુકાય, એ ક્ષુલ્લક કારણસર સંબંધોને ક્ષુલ્લક તો ના જ ગણી શકાય. આખરે કોઈ વાદ કે વિવાદ નહીં, આપની જીત નહીં, આપનો અહમ નહીં પણ બે વ્યક્તિ વચ્ચેની લાગણી અને પ્રેમ વધારે મહત્વના હોય છે.

પેલી ટ્રેનવાળી ઘટનાને ફરીવાર યાદ કરીએ અને એક ક્ષણ માની લઈએ કે પત્નિની ભૂલને કારણે તેઓ ટ્રેન ચૂકી ગયા હશે પણ લાંબો વિવાદ કરવાને બદલે પતિએ માત્ર એટલું જ કહી દીધું હોત કે; "ચાલ વાત ને છોડ, તારી ભૂલ થઈ ગઈ. ભૂલી જા બધુ. ફરીવાર થોડી કાળજી રાખજે" તો પત્નિ ખુશ થઈ ગઈ હોત. પોતાનો હતો એટલો બધો જ ગુસ્સો પતિએ ઠાલવ્યો તેને બદલે તેણે પત્નિને એક વહાલભર્યું એક સ્મિત માત્ર આપ્યું હોત તો પતિએ કશું જ ગમાવ્યું ના હોત. ઊલટાનું મુસાફરી દરમ્યાન તે પત્નિ નો પ્રેમ અને સ્નેહ પામ્યો હોત અને બંનેની મુસાફરી આનંદદાયક બની શકી હોત.

જિંદગીનું પણ એવું જ છે. થોડો અહમ અને થોડું અભિમાન બાજુએ મૂકી દઈએ, માત્ર હું જ સાચો અને બીજા બધા ખોટા એવા "અહમ બ્રહ્મ" જેવા ખોટા ભ્રમમાં ના રહીએ તો જીવનની મુસાફરી પણ આનંદમય બની શકે. જીવનમાં વિવાદોને નહીં સંબંધોને જીતવા પ્રયત્ન કરીએ. આપણે એવું માનતા હોઈએ કે વિવાદમાં જીતવાથી આપણું સન્માન વધશે તો એ આપણી મોટી ભૂલ છે. હકીકતમાં સંબંધોને જીતવાથી બધાનું સન્માન વધે છે. દલીલો કે વિવાદમાં હારી જઈને સંબંધોને જીતવાથી જ દિવ્ય આનંદની અનુભૂતિ થઈ શકે છે. ચાલો, આપણે સૌ પ્રયત્ન તો કરીએ.

## કૃતજ્ઞતાભાવ

આપણે પ્રવચનો, વકતવ્યોમાં સાંભળીએ છીએ કે, 'હું આપના દર્શનથી કૃતકૃત્ય થયો છું.' કૃતજ્ઞતાનો અર્થ એ છે કે, કૃતજ્ઞપણું, ઉપકારની લાગણી. સામેની વ્યક્તિએ કરેલા ઉપકારની કદર કરવી તેને કૃતજ્ઞતા ભાવ કહેવાય છે.

આજે આપણે આપણા મુશ્કેર કાર્ય જેમણે ઉકેલી દીધાં હોય. જેને કોઈ સ્વાર્થ ન હોય. તેના પ્રત્યેનો કૃતજ્ઞતાભાવ વ્યક્ત કરવાનું આપણે ચૂકી જઈએ છીએ. કયારેક તો ઉપકાર પર અપકાર કરીએ છીએ. જોકે અહીં એક મુકતક યાદ આવે છે,

હૈયે વડવાનલ જળે, તોયે સાગર ગાય,



**થોટ**
**નટવર આહલપરા**

હસી જાણે જગ ઝેર પી, સંત તે કહેવાય.

સમુદ્રના પેટાળમાં ભારેલો અગ્નિ ભર્યો છે. છતાં તે ગાયા કરે છે. પુષ્કળ ખનિજ, હીરા-મોતી વગેરે તેના ઉદરમાંથી આપણને પ્રાપ્ત થાય છે. પણ આપણે સમુદ્ર પ્રત્યે કૃતજ્ઞતા ભાવ વહાવવાનું ભૂલી જઈએ છીએ. જગતના કડવ ઘૂંટડા હસતાં-હસતાં સંતો પી જાય છે અને અમૃતસમા સંદેશ જગતને આપે છે.

કૃતજ્ઞતાભાવ એટલે એમ પણ કહેવાય છે કે યોગ્ય રીતે, યોગ્ય સમયે સામેની વ્યક્તિની કદર કરવી જોઈએ.

જાહોજલાલી એની નથી નાશ પામતી,
જેનું દિલ છે અમીર, ફકીરી લિબાસ છે.
જેનું દિલ દરિયા જેવું છે, પહેરવેશ ફકીરનો છે, પણ જાહોજલાલીમાં સૌ પ્રત્યે કૃતજ્ઞતા ભાવ હોય છે તેને વંદન કરીએ તેટલા ઓછા છે!

# જન આરોગ્યહિતની કાળજી : આયુષ્યમાન યોજના



**જીવન ઉપવન**
**મહેન્દ્ર એમ ત્રિવેદી**
mmtrivedi007@gmail.com

ગુજરાતીમાં કહેવત છે કે પહેલુ સુખ તે જાતે નર્યા !

જાત નરવી હોવી એટલે તંદુરસ્ત તન અને મન હોવું તે. શરીર દ્વારા સંસારના સર્વ સુખ અને દુઃખ ભોગવાય છે એ નક્કી છે. માણસ ધારે કે બિમાર પડવું જ નથી તેમ છતાં બિમારી ગમે ત્યારે આવી શકે છે કારણ કે માણસ સમાજની વચ્ચે જ જીવે છે અને ઋતુગત કે ગંદકીનાં લીધે બીમાર થવાના દિવસો આવી જતા હોય છે. સ્વચ્છ ભારતની જે ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે તે ખુબ જ જરૂરી છે. ભારતની વર્ષો જૂની છબિ ગંદકી અને ગરીબીની ઊભી થયેલી છે તેને હવે સુધારવા સરકારે કમર કસી હોય તેવું જરૂર લાગે છે. ચોમાસું આવે ને નવા નવા રોગના વાયરસ આવે છે વધુ વરસાદથી ઢોર-માનવી વગેરે મોતને ભેટે છે પછી સત્વરે સફાઈ અભિયાન હાથના ધરવામાં આવે તો રોગચાળો તુર્ત જ ઊભો થઈ જાય છે. શહેરીકરણમાં ગંદકી અને ઝૂંપડપટ્ટીમાં લોકો જે રહે છે ત્યાંથી રોગ ઉત્પન્ન થાય છે આ ઉપરાંત લોકોની ખાનપાનની આદતો વ્યસનો, તનાવ, ઝડપી જીવન વગેરેના લીધે પણ - બિમારીઓ ઊભી થતી રહે છે. ભારતના મહાનગરોમાં જીવન અતિ દુષ્કર થઈ ગયું છે કારણ કે ત્યાં વસતી સતત વસતી જાય છે અને સાફસફાઈ જોઈએ તેવી થઈ શકતી નથી. રેલવે સ્ટેશનોની આસપાસ જે ઝૂપડાઓ અને ગંદકી પ્રવર્તે છે તે જોઈને દિલ કકળી ઊઠે છે! આ સ્થિતિમાં મેડી કલેઈમ પોલિસીની તો વાત જ વિચારી શકાતી નથી. આરોગ્ય બાબતે જન આંદોલન થાય તો જ સ્થિતિ સુધરી શકે. હવે સમય વધુ ને વધુ મોંઘી થતી સારવાર કે ઉપસારનો છે ત્યારે સરકારે આયુષ્યમાન યોજનાની જે જાહેરાત કરી છે તે કાબિલેદાદ છે. દવાખાનામાં જતા લોકો ઉપસારના ખર્ચા જાણી ને વધુ બિમાર થાય છે. બિમાર થયા પછી જીવ બચાવવા લોકો દેવું કરીને પણ સારવાર તો મેળવે છે કારણ કે પોતે જીવતા રહેશે તો પછી કપાઈ લેશે. મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલોનાં ખર્ચા અતિ ઊંચા થઈ ગયા છે તો બીજી તરફ જે સરકારી દવાખાનાઓ છે ત્યાં ઘોર નિષ્ક્રિયતા અને બેદરકારી વિપુલ માત્રામાં જોવા મળે છે જે અંતે પ્રજાને હેરાનગતિ આપી જાય છે. ૮૦% લોકો દવા ઉપચારનો ખર્ચ દેવું કરીને ઉઠાવે છે. ૮૪ % ગ્રામીણ લોકો પાસે કોઈ મેડીકલેઈમ જેવું હોતું નથી. મેડીકલ કલેઈમ મળવા કે મેળવવામાં જેવું હોતું નથી. મેડીકલ કલેઈમ મળવા કે મેળવવામાં જયારથી ડિજિટલ માધ્યમ આવ્યું છે. ત્યારથી બહુધા પ્રજા સમજણના અભાવે પરેશાન છે !! જો વિમા એજન્ટ નિષ્ઠાવાન હોય તો એ જરૂર મદદરૂપ બને છે. હૃદય, કિડની, આંખ, પેટ, દાંત વગેરેમાં થતી બિમારીઓ ખુબ જ ખર્ચાળ બની ગઈ છે. ત્યારે મોદી કેર કે આયુષ્યમાન યોજના પ્રજાને જરૂર રાહત આપશે જેમાં આધારકાર્ડ સંલગ્ન કરવાનું નથી. ખાનગી અને સરકારી ક્ષેત્રે સાથે મળીને આ ભગીરથ કાર્ય કરશે હવે તેમાં વ્યવસ્થાતંત્ર ઉમદા બને એ બાબત સરકારે સુનિશ્ચિત કરવી પડશે કેમ કે મા કાર્ડમાં ઘણા વહીવટી ધાંધિયા જોવા મળ્યા છે. જરૂરિયાદમંદ લોકોની જગ્યાએ શ્રીમંત વર્ગ જ બધા લાભ ઉઠાવ્યા કરશે તો યોજનાનો મૂળ હેતુ પાર પડશે નહીં. ગરીબીમાં રહેતા દરિદ્રનારાયણ માટે સરકારને કંઈક નક્કર મદદ કરવાના આશયથી જ આ યોજના ઘડવામાં આવી છે. અમલીકરણ કોઈ પણ યોજનાનું હૃદય હોય છે. સરકારની ઉમદા નીતિને સાકાર કરવા માટે ઉચિત વહીવટ અને કાર્યશીલ માળખુ રચવું જ પડશે. ખાનગી ક્ષેત્રમાં મેડીકલ સારવારમાં જબરી લૂંટ ચાલે છે. પછી તે ઓપરેશન હોય કે તપાસના રિપોર્ટ હોય કે દવાઓ હોય - તેમાં લોકો ખુબ જ પાયમાલ થઈ રહ્યા છે.

ખાનગી ક્ષેત્રની હોસ્પિટલોનાં ગ્રેડિંગ મુજબ યુનિફોર્મ ચાર્જ લેવા જેવું કોઈ અમલીકરણ હેલ્થ સિસ્ટમમાં દેખાતુ નથી એટલે બધા પોતપોતાની મનમાની કર્યા જ કરે છે. ગ્રામ્ય ક્ષેત્રોમાં ડિગ્રી વગરનાં ડૉકટર્સ લાખોની સંખ્યામાં કાર્યરત છે. દવાખાના વિનાના ગામડાઓ પણ ચિંતાનો વિષય છે. આઝાદી પછીનાં પંદર વર્ષ બાદની સ્થિતિમાં ગામડે એક દવાખાનું હતુ અને એક તબીબ રહેતા જે માત્ર પીવાની દવા બનાવીને આપતા એકાદ બે ટિકડીઓ આપતા તો સારું થઈ જતું ત્યાં કમાઈ લેવાનું કોઈ ધ્યેય હતું જ નહીં, હવે કોઈ રિપોર કઢાવ્યા વિના તો નિદાન કરતા પણ નથી. એટલે સામાન્ય તાવનાં કિસ્સામાં બે હજાર જેવો ખર્ચ થઈ જાય છે. તબીબો આજકાલનાં માને છે કે જે ખર્ચો તેઓએ ડિગ્રી મેળવવામાં કર્યો છે તે કઈ રીતે ઝડપથી વસુલી લેવો ! બિમાર થવું એ જાણે કોઈ મોટી સજા પડી હોય તેવી હાલત છે ત્યારે આ નવી ઉમદા યોજના લોકોને આશીર્વાદ સમાન બને તેની ખુબ જ ચીવટ રાખવી પડશે. વધતુ પ્રદૂષણ તથા વ્યસનોથી માંદગી વધુમાં વધુ આવે છે તે માટે જાગૃતિ કેળવણી જ પડશે. સૌ સુખી થાય તો રાષ્ટ્રમાં નવી ચેતના આવશે.

***શેર આસ્વાદ :***

ફક્ત એથી જ કોઈની મદદ માગી નથી શકતો
શરમથી હાથ લંબાવું અને એ બેશરમ નીકળે.
- (બેફામ)